SAMVAD E-JOURNAL
ISSN (Online): 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, July to September : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 'અખેપાતર' – યાત્રાની કથા અને કથાની યાત્રા

*ડૉ. પન્ના ત્રિવેદી*

ઈ.સ. ૧૯૯૯માં લખાયેલ અને ૨૦૦૨માં ભારતીય સાહિત્ય અકાદમીનો એવોર્ડ પ્રાપ્ત કરનાર નવલકથા તે 'અખેપાતર'. 'મીરાં યાજ્ઞિકની ડાયરી' લખનાર 'અખેપાતર' પણ લખી શકે એ વિસ્મય સ્વાભાવિક જ થાય તેનું કારણ બંને નવલકથાઓ બે છેડાની નવલકથાઓ છે. રઘુવીર ચૌધરીએ લખ્યું હતું : 'મીરાં યાજ્ઞિકે હવે વિકસવું પડશે.' જાણે કે તેના જવાબ રૂપે લખાય છે – 'અખેપાતર'. એક રીતે કહી શકાય કે આ મેણું ભાંગનારી નવલકથા છે. વિભાજન પર હિન્દી-ઉર્દૂમાં લખાયું છે પણ ગુજરાતમાં? કમલેશ્વરે 'કિતને પાકિસ્તાન' લખી પણ 'કિતને અખેપાતર?' આપણે ત્યાં વિભાજન કેન્દ્રી સાહિત્ય પ્રમાણમાં ઓછું લખાયું છે. એ અર્થે આ મેણું ભાંગતી નવલકથા છે.

આ નવલકથા ફ્લેશબેક ટેક્નિકથી આરંભાય છે. દરેક પ્રકરણમાં સ્મૃતિઓની આવનજાવન એમ વર્તમાનથી અતીત સુધીની યાત્રા એક વિશેષ બની રહે છે. નવી માળા નવું પ્રકરણ અને પ્રત્યેક ક્ષણે જાણે નવી જિંદગી. ત્રણ રાત અને ત્રણ દિવસ કંચનબા જસાપર રોકાય છે. ત્રણ રાતમાં પોતાનો ભૂતકાળ જીવતી એક સ્ત્રી જાણે કે પોતાના અતીતનું અનુષ્ઠાન કરી પોતાને, પોતાની વેદનાને મુક્ત કરે છે. કંચનબા દસ વર્ષે પોતાના ગામ જસાપર આવ્યા છે. સફેદ સાડલો, હાથમાં થેલી અને ઠાકોર મંદિર ભણીની દિશા. અહીં સ્થળ અને દિશા યાદ રાખવી ઘટે. લીમડાની ઓથે બેઠેલાં કંચનબાના જીવનની વ્યથા માળા ફેરવવાની ઘટનામાં જ દેખાઈ આવે – બીજી જ પળે મણકો આંગળીઓમાં પકડાઈ ગયો. ફરી બીજી માળા... કંચન બા હવે કાયમી તો નહીં રહી જાય ને ! એ બીક ગામના પૂજારી જગદીશ જેવા ઘણાં પાત્રોને અનુભવાય છે. મંદિર પચાવી પાડશે એવી ભીતિ સેવાય છે. કંચનબા ચાલ્યા જાય એ માટેની યોજનાઓ શરુ થાય છે. બીજી બાજુ પિતાના ગામમાં અનુષ્ટાન કરવા આવેલ કંચનબા એ નિમિત્તે જીવનના વિવિધ પડાવોને પુનઃ જીવે છે અને ભાવકો સાથે વહેંચે. જસાપર ગામમાં આગમનથી ગમનની કથા છે.

પિતા વ્યાપાર અર્થે ત્રણ વર્ષની કંચન અને વિશ્વનાથને લઈને કરાંચી જાય છે. ભાની માંદગીના સમાચાર આવે છે. શેઠ દેવશંકર શુક્લને ત્યાં બાળકો વિશ્વનાથ અને કંચનને મુકીને વતન આવે છે. અમૃત અને જયા સાથે મૈત્રી થાય છે. અહીં પ્રણયની ક્ષણો અત્યંત સૂક્ષ્મ સ્તરે નિરૂપી છે. જયાના આગ્રહથી કંચને આસમાની રંગનું ફ્રોક પહેર્યું છે. જાણે કે કંચન આકાશ બની ગઈ છે. તેની લટમાં અમૃતનું હૈયું ભેરવાઈ જાય છે. હેટ પહેરેલા અમૃત તરફ કંચનના હૃદયમાં પણ સ્નેહ જન્મે છે. કંચનના મામાની દીકરી લલિતા ક્રાંતિકારી સાથે સ્વદેશી ચળવળમાં જોડાઈ છે. અમૃતના પિતા અંગ્રેજોના વફાદાર છે. કંઇક અંશે અમૃત અને દેવશંકર પર પશ્ચિમી ઢબનો પ્રભાવ છે. ચૌદ વર્ષની ઉંમરે કંચનના લગ્ન અમૃત સાથે થાય છે. તેમના સંસારમાં ગૌતમ અને ચંદ્રકાંત અને અરુણા બાળકોનું આગમન થાય છે. બીજી બાજુ જયા પણ લલિતા સાથે અંગ્રેજો સામેની હિંસક ગતિવિધિઓમાં જોડાઈ છે. એક દિવસ તે ઘેરથી ભાગી જાય છે. એથી સસરા આઘાતથી માનસિક સંતુલન ખોઈ બેસે. કંચન અને અમૃત વચ્ચે એ કારણે ગેરસમજ વિસ્તરે છે. મનમાં ગાંઠ બંધાય છે કે જયા અંગે કંચન બધું જાણતી હતી અને છતાં કંચને એને અંધારામાં રાખ્યો છે. પાંચ-પાંચ વર્ષ સુધી બંને વચ્ચે નામનો સંબંધ રહે છે. છતાં કંચનના મનમાં અમૃત પરત્વેનો પ્રેમ લગીરેય ઓછો થતો નથી.

દેશમાં ભાગલાનું વાતાવરણ સર્જાયું છે. અમૃત કમ્પાલા જવાનું નક્કી કરે છે. પછી તે કંચનને ત્યાં બોલાવી લેશે એમ નક્કી કરીને કંચનને વતનમાં જવા કહે છે. કમ્પાલા જવાની પૂર્વ રાત્રીએ કંચન અને અમૃત વચ્ચે સ્નેહમિલન સધાય છે. અમૃત કમ્પાલા ચાલ્યો જાય છે. ત્યાં જ દેશના ભાગલા ટાણે રમખાણ સર્જાય છે. ગૌતમની ચડ્ડીના ખિસ્સામાં ઘરેણાં અને રૂપિયા મૂકીને તે સીવી લે છે. સસરા અને સંતાનોને લઈને વિશ્વનાથના શેઠની સ્ટીમ્બરમાં ભારત આવવા નીકળી પડે છે. ડ્રાઈવર રહેમત જીવના જોખમે તેમને જહાજ સુધી મુકવા જાય ત્યાં રસ્તામાં જ ગૌતમ ખોવાઈ જાય છે. રહેમત પણ જીવ ગુમાવે છે. બીજી બાજુ પાગલ બની ગયેલા સસરા જહાંજમાંથી કૂદી પડે છે. ત્રીજા દિવસે ઓખા બંદરે એક લાશ તણાઈ આવ્યાના સમાચાર મળે છે. રખે ને પોતાના સસરાની હોય! તે જોવા કંચન બંદરે જાય છે પણ ચોકીદાર દ્વારા બળાત્કારનો

ભોગ બને છે. લાશ શોધવા ગયેલી કંચન જાણે કે લાશ બનીને પાછી ફરે છે. સાતમા મહિને કંચનને પુત્ર જન્મે છે – કાર્તિક. કાર્તિકનો એક પગ ઊંધો છે. એ સમયનું આઝાદ ભારતનું સંતાન. કોનું સંતાન છે? એ પ્રશ્ન માતા- કાર્તિક અને ભાવકોને પણ સતત સંકોરતો રહે છે. તે યજમાનવૃત્તિ કરીને ગુજારો કરી બાળકોને મોટા કરે છે. એવામાં એક પત્ર કંચનને હચમચાવી જાય છે. અમૃતના લગ્ન યુગાન્ડામાં શેઠની દીકરી ઈવ સાથે થયા છે જેનાથી કેવોન નામે એક પુત્ર છે. અમૃત કાર અકસ્માતમાં મૃત્યુ પામ્યો છે. દોઢ લાખ રકમ કંચનને આપવા ચાહે છે. કંચન ભાંગી પડે છે. તે રૂપિયા લેવા ઈચ્છુક નથી. ચંદ્રકાંતને ભણવા અમદાવાદ મોકલે છે. અમદાવાદ મ્યુનિસિપાલટીમાં ચંદ્રકાંત ક્લાર્ક જોડાય છે. સંતાનો પાસેથી એક પછી એક આઘાત મળે છે. ચંદ્રકાંત  વિશાખા સાથે પરણે છે. કાર્તિક આરંભે ગામનાં તોફાની તત્ત્વો સાથે રખડીને બગડી જાય છે પણ સમય જતાં વડોદરા ચિત્રકળાનું ભણવા જાય છે. આગળ જતાં મુંબઈ જાય છે. ત્યાં તે શાંતા સાથે લિવ-ઈનમાં રહે છે. અરુણાને અમદાવાદ ભણાવવા મોકલતી વખતે ગૃહમાતા ઝરીનાને મળવાનું થાય છે. આ ઝરીના એ બીજું કોઈ નહીં પણ વખાની મારી સગી નણંદ જયા જ હતી. અરુણા અપરણિત રહેવાનો નિર્ણય કરે છે અને નોકરી કરી સમાજ ઉત્થાનના કાર્યોમાં જોડાય છે.

નવલકથાના અંતે લંડનથી તાર મળે છે જેમાં ઈવના પુત્ર કેવોનના ભારતમાં આવવાના સમાચાર મળે છે. અહીંનું સરનામું કઈ રીતે મળ્યું એ પ્રશ્ન થાય છે ત્યાં ચંદ્રકાંત એક આઘાતજન્ય ખુલાસો કરે છે. ચંદ્રકાંતે કંચનની ખોટી સહીથી વારસાના રૂપિયા લઇ લીધાં છે. ઇવે પોતાના તરફથી પચાસ હજાર ઉમેરીને બે લાખની રકમ મોકલી હતી. કંચનબાએ જે રકમમાંથી કોઈ હકદાવો લીધો નહોતો એ જ રૂપિયા પોતાનો દીકરો લઇ લે છે એ જાણી દૂધ લજવ્યાની દુઃખદ અનુભૂતિ કરે છે. જાણે કે જીવતરના પચાસ વર્ષ એળે ગયા હોય.. જાણે કે પગ તળે કોઈએ જમીન ખેંચી લીધી હોય. જેમાંથી પચાસેક હજાર મકાન સમું કરાવવા માટે ખર્ચી બાકીના શેરબજારમાં વાપરી નાખે છે. આ આઘાત કંચન સહન કરી શકતી નથી. નવલકથામાં આરંભે જ એક નાનકડી ઘટના મૂકી છે પણ તે આ અંતની વેધકતા માટે અત્યંત મહત્ત્વની છે. એક દિવસ મંદિરમાં સ્વ. શ્રી અમૃતલાલ દેવશંકર શુક્લના સ્મરણાર્થે એમ જ્યારે કંચને વાચેલું ત્યારે જ થયેલું – "અરેરે ! હું આટલી અધમ ! દેનારા તો જમના હાથે દે તો ડાબા હાથને ય કળાવા ન દે. દીધું, જશ લીધો ને હવે પાછું વસૂલ કરવા આવી છું !'... આ દેહથી તારું ઋણ ચૂકવ્યા વિના હું મરીશ નહીં...' આ શબ્દો કંચનનું ખમીર દર્શાવે છે એટલે જ નવલકથાના અંતે ચંદ્રકાંતના મહાઅપરાધને ક્ષમા કરી શકતી નથી. મા તરીકે માફ કરી દે છે પણ સ્ત્રી તરીકે નહીં. શક્તિ માંગવા ફરીથી જસાપર આવે છે ત્યાંથી અંતે અખેપાતર લઈને ફરીથી એક નવી યાત્રાનો આરંભ કરે છે. 'ક્યાં?' એ પ્રશ્ન કંચનબાઈ જેમ ભાવક માટે પણ યથાર્થ રહે છે.

પાત્ર અને કુળ પસંદગીને કારણે પણ અહીં પૌરાણિક સંદર્ભોની કાર્યસાધકતા સુપેરે પમાય છે. જેમકે  કરાંચી જવાના આગલા દિવસે મા રામના વનગમનની વાર્તા માંડે છે પણ કૌશલ્યાના વિદાય વચનો આવતાં રડી પડે છે. બીજા એક પ્રસંગે કંચન પાસે વાર્તા સાંભળતા કેસર રામ અને કૃષ્ણની તુલના કરતાં એક પ્રશ્ન કરે છેઃ 'રામ તે જાણે ભગવાન. ઈ તો જાણે હમજ્યા. એમણે આખી જિંદગી એક પત્નીવ્રત જાળવ્યું. વળી રાક્ષસોને મારીને લોકોનું કલ્યાણ પણ કર્યું. પણ આ કૃષ્ણ ભગવાન? ભાત ભાતની લીલાયું કરે, સોળ હજાર રાણીયું રાખે ને તોય પાછાં ભગવાન કહેવાય!' 'કંચન જાણે કે મનનું સમાધાન કરે છે; 'તું જ કહે, મથુરાના રાજા કંસની કેદમાંથી જે સ્ત્રીઓને કૃષ્ણ ભગવાને છોડાવી એેણે કોણ રાખવા તૈયાર થાત! અગાઉ કહ્યું તેમ કાર્તિક કોનું સંતાન છે, એ રહસ્ય આખી નવલકથામાં ઘૂંટાયા કરે છે. કંચન જાણે છે કે આ સવાલ કાર્તિકને પણ પીડે છે. એ કહે છેઃ 'મને થાય છે કે તું મારા જીવનની છેલ્લી સુખમય ઘડીઓનું સંતાન છે અને સાથોસાથ મારા જીવનની સહુથી ભયંકર ઘટનાનું સંતાન પણ છે.....' કાર્તિક જ્યારે પ્રશ્ન પૂછે છે કે હું કોનો પુત્ર છું? તેના જવાબમાં કંચન સત્યકામ અને ગણિકા જાબાલની એક કથા કહે છે. સત્યકામ ગણિકાનો પુત્ર છે. ગુરુ પાસે વિદ્યા શીખવા જાય છે. ત્યાં કુળ, ગોત્ર, પિતાનું નામ પુછાય છે પણ એ જવાબ આપી શકતો નથી. બીજાં શિષ્યો હાંસી ઉડાવે છે. ઘેર આવીને તે માને એ પૂછે છે અને મા જવાબ આપે છે; 'અનેકોની સેવા કરતાં મને તું મળ્યો છે પણ નથી જાણતી કે તારા પિતા કોણ છે?...પણ તું મારું સંતાન છે અને હું તારી જનેતા છું...' આ જવાબ એ ગુરુને કહે છે. ગુરુ કહે છે કે 'સત્યવાદી માનો સત્યવાદી પુત્ર'. કંચન પણ એ જ કહે છે કે હું તારી મા છું. તું મારી કૂખની માટીનો છે. કાર્તિક મુંબઈ જઈને કાર્તિક અમૃતલાલ શુક્લને સ્થાને કાર્તિક કંચનબા નામ કરાવે છે. બીજો એક પૌરાણિક સંદર્ભ આ કથાના શીર્ષક વિષયક છે - અક્ષયપાત્ર. અહીં અખેપાતર. 'કૃષ્ણે દ્રૌપદીને અક્ષયપાત્ર આપ્યું હતું. વનવાસનો કપરો કાળ પાંડવોએ અક્ષયપાત્રથી જ પાર કર્યો હતો અને મને રૂખીભાભી જેવી ભોળા મનની સાચકલી સ્ત્રીએ આ અખેપાતર આપ્યું છે. મારા માટે આ 'અખેપાતર' જીવવાનો અને ઝઝૂમવાનો આધાર છે. ભલે ને આ કાળની ઝાળ મારી અગ્નિપરીક્ષા લીધા કરે. મારા જીવતરનો ઝરો સુકાયો નથી એનું કારણ આ છાલિયું. એને જોઉં છું ને મારા પગ આ ધરતી પર ટકી રહે છે. આ છાલિયું મને સતત યાદ અપાવે છે કે સમયથી મોટી કોઈ શક્તિ નથી તો પછી દુઃખનો લાવા પણ નહીં ટકે. એને જોઇને હું શીખી છું કે દુઃખનો લાવા પણ

નહીં ટકે. એને જોઇને હું શીખી છું કે બધું કાળને સોંપી દેવું અને જીવનનો સંઘર્ષ છોડવો નહીં. આ જ મારી એકમાત્ર કમાણી છે. આ છાલિયું તો ઇતિહાસનો બોધપાત્ર છે.'

અહીં ક્યાંય કોઈ પાત્રોએ ગાંધીકંઠી ક્યાંય નથી બાંધી છતાં પગલે પગલે કરુણા-માનવતાના દર્શન થયા વિના રહેશે નહીં. દલિતચેતનાના અંશો પણ અહીં ઠીક ઠીક પ્રમાણમાં આલેખાયા છે. એ સમયે ગામમાં હરિજનોનો કૂવો અલગ હતો. મીઠાં પાણી માટે ઉજળીયાતને ત્યાં જવું પડતું. કોઈને દયા આવે તો પાણી રેડી આપે. આભડછેટમાં ન માનનારા કંચનબા વા'લા ભગતને રાખડી બાંધી ભાઈ બનાવે છે. માનવમાં જ દેવની પ્રતીતિ કરતાં કંચનબા જરૂર પડ્યે દલિતોને પાણી સિંચી આપે છે. ભદ્રવર્ગ ના પાડે છે ત્યારે મીઠાં પાણીનો બીજો કૂવો બનાવી આપવાની વાત મૂકે છે, નવો કૂવો તૈયાર થાય છે જે 'ફૂઈની કૂઈ' તરીકે ઓળખાય છે. ભારતસિંહ હરિજન ધનાભગતને કંચનબાની સાથે સતીમાની દેરી પર ભજન કિર્તન કરતાં રોકવા આવે છે. પણ કંચનબા રોકડું પરખાવી દે છે ભજન બંધ નહીં થાય, જેણે જે કરવું હોય તે કરી લે. બે દિવસ અને બે રાત સુધી અન્નજળનો ત્યાગ કરે છે. ઉપવાસ કરે છે. બીજા દિવસે ભારતસિંહ તરફથી ઠાકોર સાહેબ માફી માંગે છે ત્યારે માન રાખવા માટે ઉપવાસ તોડે છે પણ ચેતવણી આપે છે કે આજ પછી ભારતસિંહ વચ્ચે આવશે તો પોલીસની મદદ લેતા અચકાશે નહીં.

અહીં અંગ્રેજોનો વિરોધ અને તત્કાલીન સમયનું રાજકીય વાતાવરણ પણ પરોક્ષ રૂપે આલેખાયું છે. અંગ્રેજોનો વિરોધ કરતાં ક્રાંતિકારીઓ, શારદાબેનનું પિકેટિંગ કરતાં પકડાઈ જવું, ભૂગર્ભ પ્રવૃત્તિઓ, ભગતસિંહની ફાંસીની ઘટના, અહિંસક અને હિંસક જૂથની પ્રવૃત્તિઓ, ગોરાઓનો ભારતીય વેપારીઓ પરથી વિશ્વાસ ઊઠી જવો.. વગેરે. 'હજી ગઈકાલ સુધી આ જ પ્રજા એક થઈને પરદેશીઓ સામે લડતી રહી છે. પણ આજે એ જ પ્રજા કોઈ ત્રાહિત પરદેશની વાતમાં આવીને પોતાના જ એક અંગને કાપી નાખવા આતુર બની છે.'તો એક જગ્યાએ કંચન વિચારે છે કે 'આખું કરાંચી શહેર એક જંગલમાં ફેરવાઈ ગયું હતું. કોમવાદનો દાવાનળ શહેરના લીલા-સૂકા વિસ્તારોને લપેટમાં લેતો જતો હતો. આ ઝેરી આગમાં ભૂંજાતા, શેકાતા, તડતડતા, તણખાતા, તરફડતા માણસો ન હિંદુ હતાં ન મુસલમાન કે ન હતા શીખ. એ બધાં હતા માત્ર રાંક જીવ ! એક માત્ર જિજીવિષા બની એ આમથી તેમ ભાગતા હતા. તકનો લાભ લેવા ટાંપીને બેઠેલા શિકારી સોદાગરો કોઈ એકલદોકલને એક જ તરાપમાં પતાવી દેતા હતા. એમણે મન દાઢી કે મૂછ, ચંદન કે લોબાન, પાઘડી કે ટોપી બધું એક જ હતું. એમણે ન અલ્લાહનો ભય હતો ન તો પરમાત્માનો, ન એમણે કુરાન રોકતું હતું, ન ગ્રંથસાહેબ ! એમની ગીતામાં એક જ સૂત્ર હતું – 'ફળની કામના સાથે, સ્વાર્થ  માટે અધમમાં અધમ કામ કરતાં અચકાવવું અહીં.' સત્તા અને સંપત્તિની સાઠમારીમાં બિચારા પ્યાદાંઓની શી હસ્તી!'

અ નવલકથામાં સમાજશાસ્ત્ર સાથે મનોવિજ્ઞાન પણ જોઈ શકાશે. ગંગાબા જે બાળવિધવા છે તે કંચન અને અમૃતના મિલન નિમિત્તે મનોમન સુખ અનુભવતા રહે છે. જાણે કે મનગમતા શરબતના નાના નાના ઘૂંટડા ભરતા હોય ! અરુણા લગ્ન કરવાની ના પાડે છે કારણ કે હોસ્ટેલમાં અનેક સ્ત્રીઓનાં દુ:ખદ જીવન જોયા છે; 'બા, આ વિકાસગૃહમાં સવારથી સાંજ કેટલીય સ્ત્રીઓને જોઉં છું. પરણીને બહુ ફાવી ગઈ હોય એવું એકેય ઉદાહરણ મળતું નથી. સતત રિબાવવાનું, શોષાવવાનું, કચડાવવાનું ...કોક ને કોકની જોહૂકમી વેઠવાની. મને તો લગ્ન શબ્દથી નફરત થતી જાય છે. હવે તું જ કહે બા તને લગ્ન કરીને શું મળ્યું? આખી જિંદગી તું ગૃહસ્થીનો ભાર ઉપાડતી રહી... અને મારા બાપુજી? બીજા લગ્ન કરતાં પહેલાં એક પણ વખત વિચાર આવ્યો હશે એમણે કે મારા પત્ની-બાળકોનું શું? છ્ડેછ્ડા હતા એટલે એમણે તો દોડવું હતું ને ઢાળ મળી ગયો..' એટલે કોઈ પેઢીના ઉછેર માટે તેનો પરિવેશ કેટલો અગત્યનો છે તે અહીં મહત્ત્વનું બને છે.

આ નવલકથાની ભાષા પણ મનનીય છે. વિસરાતા જતાં ઝાલાવાડી શબ્દો જેમકે અધમાણું, નછોરવી, ઓસાણ, ઓસરીનો જેર, પસ્તાનું, અડેલા, ગાલમશુરિયા, અઘણીયાત જેવા તળપદા શબ્દો મનનીય બને છે તો ક્યાંક સિફારાશ, ઝંઝોડી, મગરૂરી, મિટાવી દેવું જેવા હિન્દી શબ્દો પ્રયોગ કઠે છે. આ નવલકથામાં ક્યાંક કાળદોષના પ્રશ્નો પણ જોઈ શકાય છે જેમ કે કાર્તિકના જન્મ અને ઉંમર સંદર્ભે. એ જ રીતે આપણને પ્રશ્ન એ થાય કે અમૃતે કઈ ભાષામાં ડાયરી લખી હશે? શું એ ભાષા ઈવ સમજી શકી હશે? વળી ઈવ દ્વારા જે પત્ર લખાયો છે તે પાત્રગત કરતાં લેખિકાની ભાષા વધુ અનુભવાય છે.

એકંદરે આ નવલકથા ગુજરાતી સાહિત્યની મહત્ત્વની નવલકથા બની રહે છે. કંચને બે વિભાજન જોયા -  એક તો દેશ વિભાજન અને બીજું કુટુંબ વિભાજન, સંબંધ વિભાજન... ભાવક ચિત્તમાં એક પ્રશ્ન ઊઠે છે કે વિસ્થાપન અને પુનર્વસનનો પ્રશ્ન આ નવલકથાના  કેન્દ્રમાં છે પણ

કંચન પુનર્વસન પામી શકે છે? આ રચના પ્રશ્ન મૂકે છે કે સમયે અને સમાજે કઈ દિશા સુરક્ષિત રાખી એક સ્ત્રી માટે? કયું ઘર રાખ્યું છે એક સ્ત્રી માટે? 'મુકામે પહોંચી ગઈ છું. એ તો મારો ભ્રમ હતો..' સ્ત્રીના ભાગ્યમાં નિતાંત યાત્રા જ લખાઈ હશે ! સમયની ભઠ્ઠીમાં બળી તપીને કંચન બની ગયા પછી ય આગ ઓલવાઈ નથી. ઝાળ ઓલવાઈ નથી.. દાહક બળતરા એ જ જાણે કે સ્ત્રીની જિંદગીનો પર્યાય બની રહે છે. છતાં એ બળતરા વચ્ચે ય સાહસનું સૌન્દર્ય જન્માવે તેનું નામ સ્ત્રી છે. કહી શકાય કે સમયથી મોટું ન કોઈ તત્ત્વ છે, ધૈર્યથી મોટું ન કોઈ જીવનબળ છે. એ દૃષ્ટિએ 'અખેપાતર' એક વિશિષ્ટ નવલકથા બની રહે છે.